
નવેમ્બર ૨૦૧૭

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## કમ્પેરિઝનના દુ:ખો



# કમ્પેરિઝનના દુ:ખો

## સંપાદકીય

**બાળમિત્રો,**

ખરેખર, તો આપણે એટલા નસીબદાર બાળકો છીએ કે 'દુ:ખ વસ્તુ શું છે' એ આપણે જોયેલી જ નથી. છતાં આપણે કોઈ ને કોઈ કારણસર કેમ રડતાં જ હોઈએ છીએ? જાણે શુંય દુ:ખના ડુંગર તૂટી પડ્યા હોય!

પછી હું એક દિવસ તપાસ કરવા બેઠો કે મને શું પ્રોબ્લેમ છે. ચેક કરતાં જણાયું કે હું એટલો લકી છું કે મારી પાસે બધું જ છે. પણ જ્યારે હું એની બીજા સાથે કમ્પેરિઝન કરું છું ત્યારે મને દુ:ખ શરૂ થાય છે.

આમ મારું મોટામાં મોટું દુ:ખ છે કમ્પેરિઝનનું. ત્યારથી મેં નક્કી કર્યું કે આમાંથી તો નીકળવું જ છે. પરમ પૂજ્ય દાદાજી પાસેથી મને આમાંથી નીકળવાની અદભુત ચાવીઓ મળી. જે મને કાયમ આનંદમાં રહેવા માટે ઉપયોગી થઈ પડી છે.

તો આવો, તમે પણ આ સુંદર સમજણને ગ્રહણ કરી કાયમ હસતા થઈ જાઓ.

\- ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૧૦, અંક : ૩
સળંગ અંક : ૧૧૧
નવેમ્બર ૨૦૧૭



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.


## અક્રમ એક્સપ્રેસ


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

નીરુમા : બધે નાનપણથી એ જ શીખવાડવામાં આવે છે કે આગળ વધો, મહત્વાકાંક્ષી થાઓ. એમાં વાંધો નથી પણ આગળ વધતાં વધતાં આપણે બીજા જે આગળ વધતાં હોય એની સાથે સરખામણી કરવા લાગીએ છીએ કે મારી પાસે ઓછું છે, પેલા પાસે વધારે છે. તો હું શી રીતે વધારે મેળવું ? જેથી પેલા કરતાં હું આગળ વધી જાઉં. અને છેવટે પેલા કરતાં પોતે આગળ ન વધી શકે, તો પછી પેલાનું કેમ ઘટી જાય તો મારું વધારે થઈ જાય અને હું મોટો દેખાઉં !

દરેક બાબતમાં બુદ્ધિની શોધખોળ ચાલુ જ હોય કે મને બધા કરતાં સારું મળે. અથવા કોઈને ના મળે અથવા તો બધાને સરખું મળે. પણ અમારા કરતાં બીજાને વધારે મળે અને મને ઓછું એ તો જરાય પોસાય જ નહીં. પહેલાં કમ્પેરિઝન ઊભી થાય, પછી સ્પર્ધા ઊભી થાય, પછી જેલસી શરૂ થાય, પછી નેગેટિવીટી ઊભી થાય, દોષ ઊભા થાય અને પછી વેર ભાવ સુધી જાય.

આ બધા અણસમજણના દુઃખ છે. મારી પાસે જે આવ્યું તે મારા પુણ્યનું આવ્યું છે, સામાને ત્યાં વધારે આવ્યું આપણા કોમ્પીટીટરને ત્યાં, તો એના પુણ્યનું મળ્યું. સ્કૂલમાં કે કોલેજમાં ભણતા હોય અને આપણા ફ્રેન્ડને વધારે માર્કસ આવ્યા તો જલી જલીને ખાક થઈ જાય. જે મળ્યું એ ના ભોગવી શકે, એટલે આ દુઃખ છે તે આવા અણસમજણના છે.

તીર્થંકરોએ બહુ સરસ રસ્તો બતાડ્યો છે કે દુઃખમાંથી સુખ કેવી રીતે ઉપાર્જન કરવું. દાખલા તરીકે આપણી એક આંગળી કપાઈ ગઈ હોય, તો અજ્ઞાની ''મારી આંગળી ગઈ ગઈ'' કરીને એટલા બધા ભયંકર દુઃખમાં ડીપ્રેશ થઈ જાય. આખી જિંદગી એને સાલ્યા કરે, મારી એક આંગળી ગઈ, ગઈ, ગઈ. તીર્થંકરો શું શીખવાડે, કે ભાઈ, મારી વીસ આંગળીઓમાંથી ઓગણીસ તો બચી. એક ગઈ પણ ઓગણીસ તો બચી. જે બચ્યું એનું સુખ માણે ગયું એને યાદ પણ ના કરે. એક હાથ કપાઈ ગયો તો કહેશે બીજો હાથ છે, બે પગ તો છે. બે હાથ કપાઈ ગયા, તો કહેશે બે પગ તો છે. એક આંખ ગઈ, તો કહે કે બીજી તો છે, બે આંખ ગઈ તો કહેશે કાન તો છે, કાન ગયા તો કહેશે હજુ ધડ તો છે. બે હાથ બે પગ કપાઈ ગયા તો કહેશે, બે આંખ તો છે, દુનિયા તો દેખાય છે મને. ખાલી એકલું ધડ હોય તો કહે કે હજુ જીવતો છું. ધરમ કરીને પુણ્ય કમાઈ તો શકીશ. કાં મોક્ષે તો જઈ શકીશ. આત્મા પ્રાપ્ત કરી શકીશ. આ રીતે બચ્યું એનો આનંદ માણે, ગયું એનું દુઃખ ના માને. આવું વીતરાગો શીખવાડે છે. અને ખરેખર, વીતરાગની આ વાત શીખીએ તો એકપણ દુઃખ અડે એવું નથી. જે હોય એને એકસેપ્ટ કરો. એકસેપ્ટ કરીશું તો જરાય ભોગવટો નહિ આવે.

## જ્ઞાનીઓ કહે છે...






# આ તો કાંઈ જ વાત !



કમ્પેરિઝન થાય અને ભોગવટા આવે એ આપણી જ બુદ્ધિના દુઃખો છે.

આ હાઈવે ઉપર આપણી ગાડી જતી હોય અને બાજુમાં કોઈ ગાડી નજીક આવે તો આપણને કમ્પેરિઝન ઊભી થાય કે હું આનાથી આગળ જાઉં. એમાં જો એ આગળ જાય તો આપણે પણ જોર મારીને આગળ જઈએ. હવે આ ગાડીથી આગળ લાખો ગાડીઓ ગઈ છે. કોની સાથે કમ્પેરિઝન કરવાની...અને આપણી પાછળ પણ લાખો બાકી રહી છે, તો એના કરતા તો આપણે ઘણા આગળ જ છીએ. પણ આ સરખા લેવલ વાળી વ્યક્તિ થઈ એટલે કમ્પેરિઝન થાય.



"અભિનંદન ! બંસી, દીકરા. તેં તારા કુળનું અને આપણા ગામનું નામ રોશન કર્યું. આજ સુધી આપણા ગામમાંથી કોઈએ સરસ્વતી ગુરુકુળમાં પ્રવેશ નથી મેળવ્યો." મોહનકાકાએ પોતાની શુભેચ્છાઓ બંસીને પાઠવી.

બંસીની ખુશીનો પાર નહોતો. આટલી ખુશી તો એણે ક્યારેય નહોતી અનુભવી. એના અત્યાર સુધીના જીવનનું મોટામાં મોટું સપનું સાકાર થયું હતું. આ સપનું સાકાર કરવા માટે એણે દિન-રાત મહેનત કરી હતી.


આખી રાત બંસી ગુરુકુળની સુંદર કલ્પનાઓ કરતો રહ્યો. પાંચના ટકોરે ઊઠીને એ તૈયાર થઈ ગયો.

"દીકરા, ખૂબ મન લગાવીને અભ્યાસ કરજે. સુખી થજે. અને પત્ર લખતો રહેજે." બાએ પ્રેમથી બંસીના માથે હાથ ફેરવીને કહ્યું.

બા-બાપુજીના ચરણસ્પર્શ કરી બંસીએ આશીર્વાદ લીધા અને ગુરુકુળ જવા રવાના થયો.

સરસ્વતી ગુરુકુળ તો બંસીની કલ્પના કરતાં પણ વધારે સુંદર હતું. વડલાના ઝાડ, પંખીઓનો મીઠો-મધુરો કલરવ, ઠંડો વાયરો અને સાફ-સૂથરું વાતાવરણ જોઈને બંસીએ એક અનેરી ઠંડક

# મુક્તિની રાહ



અનુભવી. ગુરુકુળમાં સહુના ચહેરા પર પ્રસન્નતા દેખાઈ.

"બંસી, આવ દીકરા," વિદ્યાસાગર ગુરુજીએ ખૂબ પ્રેમથી બંસીને આવકાર આપ્યો.

બંસીના બા-બાપુજીના ખબર પૂછ્યા, વિદ્યાસાગરજીએ સહુ સાથે બંસીનો પરિચય કરાવ્યો.

ગુરુકુળના શિક્ષકો અને સહાધ્યાયીઓને બંસી પ્રથમ વાર જ મળ્યો હતો. પણ એમનો પ્રેમ અને હૂંફ પામીને, બંસીને લાગ્યું જાણે વર્ષો જૂની ઓળખાણ હોય. પહેલા જ દિવસે બંસી સહુની સાથે હળીમળી ગયો.

અભ્યાસ-ક્રમ શરૂ થયો. બંસી દિલ લગાવીને અભ્યાસ કરવા લાગ્યો. એની ધારણશક્તિ અને સૂઝથી ગુરુકુળમાં શિક્ષકો અને વિદ્યાસાગરજી ખૂબ પ્રસન્ન થયા. પોતાની હોશિયારીના વખાણ સાંભળીને બંસીને મીઠાશ વર્તાતી. વધુ પ્રશંસા મેળવવા માટે એ તનતોડ મહેનત કરવા લાગ્યો.

"વર્ષો પહેલાં જ્યારે શુભેન્દુને આ વાત સમજાવી હતી, ત્યારે એનો પ્રશ્ન સાંભળીને હું ચકિત થઈ ગયો હતો," વિદ્યાસાગરજીએ શુભેન્દુનો પ્રશ્ન કહી પોતાના શિષ્યો સાથે એના પર ચર્ચા કરી.

'શુભેન્દુ'નું નામ વિદ્યાસાગરજીના શિષ્યો માટે કંઈ નવીન નહોતું. અને બંસીએ પણ પહેલી વાર વિદ્યાસાગરજીના મોઢે શુભેન્દુની પ્રશંસા નહોતી સાંભળી. પણ આજે, પહેલી વાર એને આ પ્રશંસા વાગી હતી.

બંસીના મનમાં વિચાર આવ્યો, "શું મારા ગયા બાદ, ગુરુજી મને પણ આવી રીતે યાદ રાખશે? શું દિલથી મારી પણ આવી પ્રશંસા કરશે?"

બસ, શુભેન્દુ સાથે પોતાની કમ્પેરિઝન કરતાં કરતાં ક્યારે એ કમ્પેરિઝન, કોમ્પિટિશનમાં ફેરવાઈ ગઈ તેનો એને ખ્યાલ ન રહ્યો. વિદ્યાસાગરજી જ્યારે જ્યારે સહેજ પણ શુભેન્દુની પ્રશંસા કરતા, ત્યારે બંસીના દિલમાં ઝાળ લાગતી. એક અનદેખી વ્યક્તિ પ્રત્યે બંસીને જબરદસ્ત હરીફાઈ ઉત્પન્ન થઈ.



કેમ કરીને વિદ્યાસાગરજીના દિલમાં શુભેન્દુ કરતાં ઊંચું સ્થાન મેળવી લઉં, એ ધૂન બંસીના મનમાં સવાર થઈ ગઈ.

એક દિવસ બળદેવ કાકાએ પ્રેમથી બંસીને એક વાનગી પીરસી. પીરસતાં, એ બોલ્યા, "આ તો મારા શુભેન્દુની સૌથી પ્રિય વાનગી હતી." બસ, આટલું જ સાંભળતા બંસી ઊભો થઈ ગયો,

"માફ કરજો કાકા. આજે બહુ ભૂખ નથી." શુભેન્દુનું નામ સાંભળીને જ બંસીને ચીડ ચડતી. શુભેન્દુ પ્રત્યે બંસીને છૂપો દ્વેષ રહેવા લાગ્યો.

અને આમ, બંસીને ખ્યાલ પણ ના રહ્યો કે દ્વેષના કારણે એની આંતરિક શક્તિઓ હણાઈ રહી હતી.





એક દિવસ બંસીની બાનો પત્ર આવ્યો. કોઈ ખાસ કામ માટે એને વીરપુર બોલાવ્યો હતો. વિદ્યાસાગરજી પાસે એ પરવાનગી માંગવા ગયો.

"વીરપુર ?" નામ સાંભળીને જ વિદ્યાસાગરજીના ચહેરા પર ચમક આવી ગઈ, "હા, હા, દીકરા બા-બાપુજીને મળીને કામ પતાવી આવ. એક મારું પણ કામ કરીશ ?"

"ગુરુજી, આપે તો મને હુકમ કરવાનો હોય. મને

પૂછવાનું ના હોય.'' બંસીએ તરત જવાબ આપ્યો.

ગુરુજીએ બંસીને આછું સ્મિત આપ્યું.

એક પત્ર પરબીડિયામાં મૂકી, પરબીડિયું ગુંદર વડે બંધ કર્યું અને બંસીના હાથમાં આપ્યું. ''વીરપુરમાં આ સરનામે શુભેન્દુ રહે છે. આ પત્ર એને પહોંચાડી દઈશ?'' ગુરુજીએ પૂછ્યું.

શુભેન્દુનું નામ સાંભળતાં જ બંસીના દિલમાં ધ્રાસકો પડ્યો. શુભેન્દુ પ્રત્યે બંસીનો તિરસ્કાર એટલો વધી ગયો હતો, કે હવે એના નામથી પણ એને ભય લાગતો.

''હા હા. કેમ નહીં, ગુરુજી,'' મહાપરાણે બંસીએ અવાજમાં સ્વસ્થતા રાખીને કહ્યું.

પત્ર લઈને એ પોતાની ઓરડીમાં ગયો. થોડીક્ષણો સુધી એ પત્રને તાકતો રહ્યો, ''કાલે પહેલી વાર મારા પ્રતિસ્પર્ધીને મળીશ. એ શેર છે, તો હું સવાશેર છું. એ પોતાની જાતને મોટો પંડિત સમજતો હશે. કાલે એની બધી પંડિતાઈ કાઢી નાખીશ.'' વિચારોના ઘોડા બંસીના મનમાં દોડવા લાગ્યા.

પોતાના સારામાં સારા વસ્ત્રમાં સજ્જ થઈ, બંસી વીરપુર જવા નીકળી પડ્યો.

ગામવાસીઓને સરનામું પૂછીને બંસી શુભેન્દુના નિવાસ સ્થાને પહોંચ્યો. કલ્પનાથી રચેલી એની બધી રચનાઓ ભાંગી ગઈ. બંસીએ ધાર્યું હતું કે શુભેન્દુ ખૂબ સમૃદ્ધ હશે. પણ શુભેન્દુનું સાદું ઘર જોઈને બંસીના આશ્ચર્યનો પાર ના રહ્યો.

એ સાચા જ સરનામે પહોંચ્યો છે, એની ખાતરી કરીને, એણે બારણું ખખડાવ્યું.



''નમસ્તે, મારું નામ બંસી છે. હું વિદ્યાસાગરજીનો શિષ્ય છું. શુભેન્દુભાઈનું કામ હતું,'' બંસી બોલ્યો.

'વીરપુર'નું નામ સાંભળીને વિદ્યાસાગરજીના ચહેરા પર જેવી ચમક આવી ગઈ હતી એવી જ ચમક શુભેન્દુના ચહેરા પર પોતાના ગુરુજીનું નામ સાંભળીને આવી ગઈ.

ખૂબ પ્રેમથી શુભેન્દુએ બંસીને આવકાર આપ્યો. શુભેન્દુનું પ્રભાવશાળી વ્યક્તિત્વ જોઈને બંસીએ એને હરાવવા માટે જે મનમાં પેંતરા રચ્યા હતા, તે બધા જ કકડભૂસ થઈ ગયા.

વિદ્યાસાગરજીનો પત્ર બંસીએ શુભેન્દુને આપ્યો. સાચવીને શુભેન્દુએ પત્ર બાજુએ મૂક્યો. થોડી ક્ષણોની ચૂપકીદી બાદ, હિંમત ભેગી કરીને, બંસીએ શુભેન્દુને પૂછ્યું, ''તમને એક પ્રશ્ન પૂછું?''

''હા હા, કેમ નહીં?''

''સરસ્વતી ગુરુકુળમાં આજે પણ સહુના દિલમાં તમારું સ્થાન છે. તમારી વિદ્યાની આજે પણ ત્યાં ચર્ચાઓ થાય છે. તમે આટલા મોટા વિદ્વાન છો. જો તમે ધારત તો આ વિદ્યાના આધારે ખૂબ સમૃદ્ધિ મેળવી શકત. તો પછી...'' બંસી પોતાનું વાક્ય પૂરું ના કરી શક્યો પણ શુભેન્દુ બંસીનો આશય સમજી ગયો.



"બંસી તારી મૂંઝવણ જોઈને મને એક વાત યાદ આવી. એક દિવસ એક મુસાફર એક સૂફી સંતને મળવા ગયો. સંતની ઓરડી સાવ સામાન્ય હતી. એક આસન અને એક ફાનસ સિવાય ઓરડીમાં બીજું કંઈ જ નહોતું.

મુસાફરે સંતને પૂછ્યું, "તમારો માલ-સામાન ક્યાં છે?"

સંતે મુસાફરને પૂછ્યું, "તારો ક્યાં છે?"

મુસાફરે જવાબ આપ્યો, "મારો ? પણ હું તો મુસાફર છું."

સંતે કહ્યું, "હું પણ"

શુભેન્દુએ સહેજ મલકાઈને આગળ કહ્યું, "આ મનુષ્યજીવનની મુસાફરીમાં, હું પણ એ સંતની જેમ એક મુસાફર જ છું. આ પ્રાપ્ત મનુષ્ય જીવન સાર્થક કરવા માટે, મારો ધ્યેય છે કે હું મારા ગુરુદેવ પાસેથી પ્રાપ્ત કરેલી વિદ્યામાંથી મુક્તિ અને આનંદ મેળવું. નહીં કે લોકોની દેખાદેખી કરીને માલ-સામાન ભેગો કરું અને સમૃદ્ધ બનું. મારો આનંદ એ જ મારી સમૃદ્ધિ છે."


"અરેરે, આ હું કોની સાથે કમ્પેરિઝન કરતો રહ્યો ? જે બધી જ હરીફાઈઓથી પર, પોતાના આનંદમાં મસ્ત છે, તેની સાથે હું સ્પર્ધા કરી બેઠો ?"


શુભેન્દુની વાત સાંભળીને બંસીની આંખો ખૂલી, "શું પામ્યો આ સ્પર્ધાથી ? બળતરા સિવાય કંઈ જ નહીં. ગુરુકુળમાં પ્રવેશ પામીને જે જબરદસ્ત સુખ પામ્યો હતો, તે અણસમજણથી સ્પર્ધા કરી ખોઈ નાખ્યું. કેટલી ભયંકર ભૂલ કરી. !"


"શું વિચારમાં પડી ગયો, બંસી ?" શુભેન્દુએ બંસીને ઢંઢોળ્યો.

"મને ઢંઢોળીને જગાડવા બદલ આભાર," બંસીએ શુભેન્દુ સામે બે હાથ જોડ્યા. બંસીની આંખોની ભીનાશ જોઈને શુભેન્દુ બંસીને ભેટી પડ્યો.


મનોમન બંસીને થયું,
"હવે જાણ્યું કે ગુરુજીના દિલમાં તમે કેમ વસ્યા છો."
તે દિવસે સ્પર્ધાની બળતરામાંથી મુક્ત થઈ, બંસીએ
હળવાશ અનુભવી અને પોતાની મુક્તિ
અને આનંદની રાહ પર ચાલી નીકળ્યો.


આનંદમા રહેવાનું સિક્રેટ
સરસ મજાની સવાર હતી. ફૂલો ખુશખુશાલ હતા, પતંગિયા આનંદથી રંગબેરંગી પાંખો ફેલાવીને ઊડી રહ્યા હતા. ભમરો ગુનગુન ગાઈ રહ્યો હતો. પણ રોજની જેમ આજે પણ જીના-જિરાફ ઉદાસ ચહેરે તળાવ તરફ જઈ રહી હતી. રસ્તામાં જીનાએ ઝીબ્રાની ટોળકી જોઈ,
ઝીબ્રા કેટલી સરસ છલાંગો મારે છે, કેટલી સરળતાપૂર્વક સડસડાટ દોડે છે, અને મારી ચાલ તો કેવી કઢંગી છે. કાશ, મને ઝીબ્રા જેવી છલાંગો મારતાં આવડતું હોત. તો હું પણ એની જેમ આનંદમાં રહી શકત.
થોડી આગળ ગઈ, તો હાથીભાઈ મળ્યા
મજામાંને ?
હમમમ !!
હાથીને પોતાની સૂંઢમાં પાણી ભરીને, આમ રમતો રમવાની કેટલી મજા પડે છે. કેટલો હેપી રહે છે હાથી, મારે પણ સૂંઢ હોત તો.....


આમ વિચારોમાં ખોવાયેલી જીના ઠચૂક ઠચૂક ચાલી રહી હતી, ત્યારે એને સાબર અને હરણ દેખાયા,
હરણ કેટલું સુંદર દેખાય છે, અને સાબરનાં શિંગડાં કેટલા સ્ટ્રોંગ છે.
ત્યાં તો આનંદી કાગડો આવી, જીનાને માથે બેસી ગયો.
કાંઉ કાંઉ... આનંદ આનંદ ઉભરાય....
આનંદી કાગડા, તું આટલો આનંદમાં કેવી રીતે રહે છે ?
સિમ્પલ, મારો મંત્ર જ છે, "હંમેશા આનંદમાં રહેવું". કોઈ પણ સંજોગમાં આનંદ શોધી કાઢવાનો. પણ તારો ચહેરો આટલો ઉદાસ કેમ છે ?
તળાવ પાસે જઈ, જીનાએ પોતાનું પ્રતિબિંબ જોયું,
ઝીબ્રા, હરણ, સાબર બધાં કેવા સરસ દેખાય છે અને હું કેટલી વિચિત્ર છું. પગ તો મારા કેવા સોટા જેવા છે. અને આ ડોક, તો ખેંચાયેલી ચિંગમ જેવી છે.




જીના, આ તો તને કમ્પેરીઝનનું દુઃખ કહેવાય. તું જિરાફ છે, તો જિરાફ જેવી જ દેખાય ને ? તારી પાસે શું નથી, એના કરતાં તારી પાસે શું છે એટલું જ જોઈશ, તો પણ તારું દુઃખ ગાયબ થઈ જશે.
પણ મારી પાસે તો કંઈ જ નથી. એ બધા પાસે કેટલું બધું છે.
જીના મોઢું લટકાવીનેઊભી રહી ગઈ
જીના દરેકની અંદર આગવી શક્તિઓ પડેલી હોય. આપણે આપણી શકિતઓને ઓળખીને એને ખીલવવી જોઈએ. બીજા સાથે કમ્પેરીઝન કરી એના જેવા થવાની કોશિશ ન કરાય. મને કહે, એક માછલી પંખી સાથે કમ્પેરીઝન કરીને, ઊડી ના શકવાના દુઃખમાં રહે તો ?
જીજ્ઞા અને આનંદી કાગડાની વાતો ચાલતી હતી, ત્યાં તો અચાનક એક સિંહણ ત્યાં આવી ચડી. જીના એકદમ ગભરાઈ ગઈ....


ગભરાઈશ નહીં. ગભરાઈશ નહીં, જીના. પ્લીઝ, મારી મદદ કર. મારું બચ્ચું ઝાડ પર ચડી ગયું છે. એને નીચે ઊતારી આપીશ ?
જીનાએ એડી ઊંચી કરીને, પોતાની લાંબી ડોક ખેંચીને નરમાશથી સિંહના બચ્ચાને ઝાડ પરથી નીચે ઊતાર્યું.
આભાર, આભાર, આભાર.
કાંઉ...કાંઉ... મદદ કરવાની કેવી મજા, ભાઈ, કેવી મજા. મદદ કરવાની મજા પડીને જીના ?
હા, ખૂબ મજા પડી. આજે પહેલી વાર મને સમજાયું કે આ સોટા જેવા પગ અને ચિંગમ જેવી ડોક પણ કેટલા કિંમતી છે. તું સાચું જ કહેતો હતો, હું ખાલી કમ્પેરીઝન કરીને દુઃખી થતી હતી.
હા, કમ્પેરીઝન કરીને દુઃખી થવા કરતાં, આપણી પાસે જે છે એનો સદુપયોગ કરી એમાં ખુશ રહેવું.
હા દોસ્ત, ચોક્કસ.



# જીવંત ઉદાહરણ



અમેરિકાના ઈતિહાસમાં, **ફ્રેન્કલીન ડીલા**નો રુઝવેલ્ટ એક એવા પ્રેસિડન્ટ થઈ ગયા, જેઓ સતત ચાર ટર્મ, ઈ.સ. ૧૯૩૨ થી ૧૯૪૪ સુધી બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા. બસો વર્ષના અમેરિકાના ઈતિહાસમાં આવું ક્યારેય પહેલાં બન્યું નહોતું. એક યુવાનને પણ શરમાવે એવી એમની કાર્યક્ષમતા હતી. થાકને તો તેઓ ગણતા જ નહોતા.

મિત્રો, પણ એ જાણીને તમને નવાઈ લાગશે આવી અદ્ભુત કાર્ય ક્ષમતા ધરાવતા પ્રેસિડન્ટ વ્હીલચેરમાં હતા. ૧૯૨૧માં, ૩૮ વર્ષની ઉંમરે, તેઓ પોલિયોની ભયંકર બીમારીમાં સપડાયા હતા. આ બીમારીના કારણે એમના બંને પગ નકામા બની ગયા.

પોલિયો થયો તે પહેલાં રુઝવેલ્ટ ખૂબ સારી રાજકીય કારકીર્દિ ધરાવતા હતા. લોકોએ માન્યું કે હવે એમની ભાવિ કારકીર્દિ ખલાસ થઈ જશે. અચાનક આવી પડેલી દારુણ અપંગ અવસ્થા રુઝવેલ્ટ માટે પડકાર રૂપ હતી. રુઝવેલ્ટે આ પડકારને હિંમતપૂર્વક ઝીલી લીધી.

તે સમયે એમણે જે ખોયું હતું તેના દુઃખમાં ડૂબી જવાને બદલે, જે બચ્યું હતું તેની શક્તિ વડે, એમણે બમણાં જોશથી ફરી રાજકારણમાં ઝંપલાવ્યું. એમના હરીફોની શારીરિક ક્ષમતા સાથે કમ્પેરીઝન કરીને દુઃખી થવાને બદલે, રુઝવેલ્ટે અપંગ હાલતમાં ચૂંટણીઓ લડવાનું શરૂ કર્યું. એક પછી એક ઊંચા પદ સર કરતાં, તેઓ પ્રેસિડન્ટના સર્વોચ્ચ પદે પહોંચ્યા.

રુઝવેલ્ટની વિચક્ષણતા અને દૂરંદેશી વિચારોથી અમેરિકાના ઈતિહાસમાં એમનું નામ અમર બની ગયું. જે દેશ ૧૯૩૧-૩૨ની કારમી મંદી, બેકારી અને ભૂખમરાનો શિકાર બની ગયો હતો. એ દેશ રુઝવેલ્ટના વહીવટ નીચે, ૧૯૪૪ સુધી વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ (સુપર પાવર) બની ગયો.


અને આમ, પોતાની અપંગ અવસ્થા પર હિંમતપૂર્વક વિજય મેળવીને પ્રેસિડન્ટ રુઝવેલ્ટ અનેકોને પ્રેરણા આપી ગયા.


# રસ્તો શોધો.



# ચાલો રમીએ...

## ૧૦ તફાવત શોધો.







# ઐતિહાસિક ગૌરવગાથા

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિશીર્ષ નામનું નગર હતું. આ નગરના લોકો ધર્મચિંતન કરતા હતા.

શ્રી દમદંત હસ્તિશીર્ષ નગરના રાજા હતા. આ રાજાના સૂર્યસમાન પ્રતાપથી દુર્જનો ત્રાસ પામતા હતાં તો શીતલ પ્રતાપથી સજ્જનો આનંદ પામતા હતાં.


એકવાર દમદંત રાજા પ્રતિવાસુદેવ જરાસંઘની સેવામાં ઉપસ્થિત થવા રાજગૃહ નગરમાં ગયા હતા. એ વખતે મોકો જોઈને સો કૌરવો સહિત પાંચ પાંડવોએ દમદંત રાજાનો પ્રદેશ લૂંટી લીધો.

થોડા વખત પછી દમદંત રાજા જરાસંઘની રજા લઈ પોતાના નગરમાં પાછા ફર્યા. ત્યારે લૂંટાયેલું, ઉજ્જડ બનેલું, ચૂંથાઈ ગયેલું નગર જોઈ આઘાત પામ્યા અને આશ્ચર્ય સાથે મંત્રીઓને હકીકત પૂછી. મંત્રીઓએ કૌરવ-પાંડવોના પરાક્રમની વાત કરી.

આ સાંભળી ક્રોધથી ધમધમતા દમદંતે લાવ લશ્કર સાથે હસ્તિનાપુર તરફ કૂચ આદરી. હસ્તિનાપુરને ચારે બાજુથી ઘેરી લઈ વિચક્ષણ દૂતને રાજા યુધિષ્ઠિર પાસે મોકલ્યો.

દૂતે યુધિષ્ઠિરની સભામાં પ્રવેશ કરી યુધિષ્ઠિરને ઉદ્દેશીને કહ્યું - અમારા સ્વામી દમદંત રાજા તમને કેહવડાવે છે, કે મારી ગેરહાજરીમાં તમે મારા રાજ્ય પર આક્રમણ કરી મારા રાજ્યમાં જે લૂંટ-ફાટ કરી એ તમારી બહાદુરી નથી પણ લૂંટારુગીરી છે. આ તમારી તાકાત નથી, પણ તમારું કપટ છે.


જો તમે તમને બળવાન અને શૂરવીર માનતા હો, તો નગરમાંથી બહાર આવી મારી સાથે યુદ્ધ કરો. મારા તરફથી તમને ખાતરી આપવામાં આવે છે કે ભલભલાની છાતી બેસાડી દે એવું ભયંકર યુદ્ધ થાય, તો પણ હું પાછો હટીશ નહીં.



આમ કૌરવો-પાંડવોના નગરમાં, તેમની જ સભામાં, દમદંતના દૂતે તેમનો તિરસ્કાર કર્યો. છતાં કૌરવો-પાંડવો યુદ્ધ માટે તૈયાર થયા નહીં અને કાયરોની જેમ નગરની અંદર ભરાઈને બેઠા.

કાયરની સાથે યુદ્ધની આશા રાખવી વ્યર્થ છે, એમ સમજી દમદંત રાજા પણ નગરનો ઘેરો ઊઠાવી પોતાના નગર તરફ પાછા ફર્યા.

પાછા ફરતી વખતે દમદંત રાજા વિચારે ચડ્યા, બહારના શત્રુોઓએ મારા રાજ્યને લૂંટી લીધું તો હું તરત એમને હણવા તૈયાર થઈ ગયો. જ્યારે ક્રોધ-માન-માયા-લોભ રૂપી આંતર શત્રુઓ તો પ્રતિક્ષણ મારા ક્ષમા, સહજતા, સરળતા જેવા સતગુણોને લૂંટતા રહે છે, છતાં ક્યારેય મેં એમને દૂર કરવાનો વિચાર સુધ્ધાં નથી કર્યો. એ તો મારું કેટલું મોટું નુકસાન કરી રહ્યા છે. આમ વિચારમાં ને વિચારમાં એમને વૈરાગ્યભાવ જાગવા માંડ્યો. એમને રાજ્ય સંભાળવામાંથી રસ ઘટી ગયો.



એક વખત એમના રાજ્યમાં એક આચાર્ય ભગવંત પધાર્યા. એમની વૈરાગ્યભરી દેશના સાંભળી. દમદંતે આચાર્ય ભગવંત પાસે દીક્ષા લીધી. દમદંત મુનિ દમદંત રાજર્ષિ તરીકે પ્રસિદ્ધ થયા. તેઓ શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરવા લાગ્યા. વિહાર કરતાં કરતાં તેઓ હસ્તિનાપુર નગર પધાર્યા.

આ બાજુ પાંડવો શ્રેષ્ઠ હાથી પર બેસીને ફરવા નીકળ્યા. નગરની બહાર નીકળતાં તેમને આ સાધુના દર્શન થયા.

સાધુના દર્શનથી આનંદ પામી તેઓ હાથી પરથી દર્શન માટે નીચે ઊતર્યા અને રાજર્ષિ પાસે આવ્યા. નજીક જતાં જ એમને ખ્યાલ આવ્યો કે "આ તો દમદંત રાજા છે." તેઓએ ખૂબ અહોભાવ સાથે એમને વંદન કર્યા.

પાંડવોમાં એ યોગ્યતા હતી કે અન્યમાં રહેલા ગુણો જ જોવા. તેથી અત્યારે પણ દમદંત રાજાએ કરેલો તિરસ્કાર યાદ કરવાને બદલે એમની શૂરવીરતાને જ યાદ કરી એમની સાથે ભક્તિભાવથી બોલ્યા, હે દમદંત રાજર્ષિ ! તમારા જેવા મહાન બીજા કોણ હશે ? પૂર્વે તમે તમારી શૂરવીરતાથી બાહ્ય શત્રુવર્ગને જીતી લીધો હતો. હવે એ જ શૂરવીરતાથી ક્રોધ વગેરે અંતરંગ શત્રુને જીતી રહ્યા છો. ખરેખર, તમે ધન્ય છો.

આ રીતે દમદંત મુનિની સ્તવનાથી પોતાને ધન્ય માની તેઓ આગળ વધ્યા.

થોડી જ વારમાં દુર્યોધન પણ પોતાના પરિવારની સાથે ત્યાં આવ્યો. એણે પણ દમદંત રાજર્ષિને ધ્યાનમાં ઊભેલા જોયા.

દુર્યોધનને એમનું નગર લૂંટવાનો પોતાનો દોષ ન દેખાયો. દમદંતની રાજા તરીકેની બહાદુરી ના દેખાઈ. અત્યારની ઉગ્ર સાધના નજરમાં ન આવી. પણ એના દૂતે આવીને જે તિરસ્કાર કરેલો, તે યાદ આવ્યો. પૂર્વનું વેર યાદ આવ્યું. અત્યારે પણ વૈરી તરીકે જ નજરમાં આવ્યા.



તેથી પોતાના હાથમાં રહેલા બીજોરાથી એ મુનિના માથા પર પ્રહાર કર્યો. તે વખતે દુર્યોધન સાથે આવેલા પરિવારજન તથા નોકરોએ પણ પોતાના સ્વામીના મનોભાવ જાણ્યા. અને તેઓએ પણ ઢેફા-પથ્થર વગેરેથી મુનિ પર પ્રહાર કર્યા.

આ બાજુ પાછા ફરતા પાંડવો નગરમાં પ્રવેશતાં પહેલાં ફરીથી મુનિના દર્શનથી પાવન થવા ત્યાં આવ્યા. પણ મુનિના બદલે પથ્થરનો ઢગલો જોઈ ત્યાં રહેલા લોકોને પૂછ્યું, અહીં જે રાજર્ષિ હતા તે ક્યાં ગયા ?

તેઓએ દુર્યોધને કરેલી ચેષ્ટા જણાવી કહ્યું - રાજર્ષિ આ ઢગલાની વચ્ચે હોવા જોઈએ.

આ સાંભળી અત્યંત દુઃખી થયેલા પાંડવોએ બધા પથ્થર દૂર કર્યા. 'મુનિના શરીરને પથ્થરોના મારથી કેવી તીવ્ર પીડા થઈ હશે' એ વિચારી અત્યંત ત્રાસ પામેલા પાંડવોએ મુનિના શરીરની પીડા દૂર થાય એ માટે તેલથી માલિશ કરી મુનિને પીડા મુક્ત કર્યા.

દમદંત રાજર્ષિ સ્વયં એવી ઊંચી ભૂમિકા પર બિરાજતા હતા કે તેમના મનમાં પીડા આપનાર દુર્યોધન પર 'જે મારું નથી એને દુઃખ આપે એમાં મારે શું' વિચારી કશો દ્વેષ જાગ્યો નહીં. જ્યારે પાંડવોએ શરીરની પૂજા કે સારવાર કરી ત્યારે 'જે મારું નથી એની પૂજા - સત્કારમાં મારે શું.' એમ વિચારીને જરાય રાજીપો અનુભવ્યો નહીં.

**આમ રાગ- દ્વેષથી મુક્ત એ મુનિ ભવ્ય જીવોને તારી મોક્ષે ગયા. ખરેખર, આ રીતે રાગ- દ્વેષથી મુક્ત થઈ પવિત્ર થવું એ જ શ્રેષ્ઠમાર્ગ છે.**

# મીઠી યાદેં



એક મહાત્માના મધરનું કાર એક્સીડન્ટમાં મગજ ડેમેજ થઈ ગયું હતું. એ મહાત્માને ખૂબ ભાવના હતી કે દાદાશ્રી એમના મધરને મળી એમને આશીર્વાદ આપે.

થોડા વર્ષો બાદ સંજોગ મળ્યો અને દાદાશ્રી એ મહાત્માના મધરની ખબર જોવા ગયા.

મહાત્માએ જણાવ્યું, કે વર્ષો પહેલાં કાર એક્સીડન્ટમાં ફાધર ગુજરી ગયા હતા અને એ જ એક્સીડન્ટમાં મધરને બ્રેઈનમાં એવી ઈજા થઈ હતી કે એમની ઘણી બધી સ્મરણ શક્તિ જતી રહી હતી. મધરને ઘણી વાર એ પણ ભૂલાઈ જતું કે ફાધર એક્સીડન્ટમાં ગુજરી ગયા હતા.

મહાત્માએ દાદાને કહ્યું, "દાદા, આમને શરીરના દુઃખમાંથી છૂટકારો આપોને."

દાદાએ મહાત્મા સામે આંખો મોટી કરીને કહ્યું, "શું મોત માંગો છો?"

મહાત્માએ કશો જવાબ ના આપ્યો.

દાદા બોલ્યા, "અમે મોક્ષ દાતા છીએ. અમે મોત દાતા નથી."

પછી દાદાએ કહ્યું, "આ બહેન તો કેટલા સુખી છે. કેટલા પુણ્યશાળી છે. તમે એમનું કેટલું સરસ ધ્યાન રાખો છો. તમે એમનું કેવું સરસ ધ્યાન રાખ્યું છે કે આટલા વર્ષો પછી પણ એમની સ્કીન આવી ફ્રેશ દેખાય છે. અને સૌથી ખાસ વાત તો એ છે કે એમની બ્રેઈન ઈન્જરી એવી છે કે એમને દુઃખ રહેતું નથી."

આ સાંભળી પેલા મહાત્મા એકદમ સ્વસ્થ બની ગયા.

જ્ઞાનીની કેવી ગજબની પોઝીટીવ દ્રષ્ટિ. જે ગયું એ ના જુએ, પણ જે બચ્યું છે એમાંથી પોઝીટીવ શોધી કાઢી, સુખી રહેવાના ઉપાયો બતાવે.


LMHT FUSION
2017















Akram Express


November 2017
Year : 10, Issue : 3
Conti. Issue No.: 111

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month








## વૉલ પેઈન્ટીંગ





<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.